## (1) પ્લાઝમાં ડોનેશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારતની પ્રથમ 'પ્લાઝમા બેંક'ની સ્થાપના હૈદરાબાદની ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સમાં કરવામાં આવી છે.

(2) COVID-19માંથી સ્વસ્થ થનાર વ્યકિત 14 કે તેથી ઓછાં દિવસમાં પ્લાઝમાં ડોનેટ કરી શકે છે.

(3) પ્લાઝમા ડોનેશન માટે વ્યીકતની ઉંમર 18 થી 60 વર્ષની હોવી જોઈએ.

(4) જેવી રીતે બે રકતદાન વચ્ચે 3 મહિનાનું અંત રાખવુ પડે તે તેવી રીતે બે વખત પ્લાઝમાં ડોને કરવા માટે 40 દિવસનું અંતર રાખવું અનિવાર્ય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારતની પ્રથમ પ્લાઝમાં બેંકની સ્થાપના દિલ્હીમાં ILBS (Institute of Liver and Biliary Sciences) નામની સંસ્થામાં કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ સંસ્થા COVID-19ના દર્દીઓની સારવાર માટે પ્લાઝમાંની સુલભતામાં વધારો કરશે.

⇛ જે વ્યકિત COVID-19માંથી સ્વસ્થ થયો હોય તે ઓછામાં ઓછા 14 દિવસ બાદ પ્લાઝમાં ડોનેટ કરી શકે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઓછામાં ઓછો 50 kg વજન ધરાવતાં અને 18 થી 60 વર્ષના લોકો પ્લાઝમાં ડોનેટ કરી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ દર બે અઠવાડીયે 500 ml પ્લાઝમાનું ડોનેશન થઈ શકે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ જે મહિલાઓએ નવા બાળકને જન્મ આપેલો હોય તેવી મહિલાઓ પ્લાઝમાં ડોનેટ કરી શકતી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) NERCORMP વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ નોર્થ ઈસ્ટર્ન રિજયન કમ્યુનિટી રિસોર્સ એન્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામ છે.

(2) આ કાર્યક્રમ પૂર્વોત્તર ભારતના 7 રાજ્યોમાં ચલાવવામાં આવી રહયો છે.

(3) તે રોજગાર અને ગ્રામ્ય વિકાસ માટેનો પ્રોજેક્ટ છે.

(4) આ કાર્યક્રમમાં ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ નામની સંસ્થા પણ સહકાર આપી રહી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ **NERCORMP**નું પૂરુંનામ નોર્થ ઈસ્ટર્ન રિજયન કમ્યુનિટી રિસોર્સ એન્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એક રોગાર અને ગ્રામ્ય વિકાસ માટેનો પ્રોજેક્ટ છે જેનું લક્ષ્ય પૂર્વોત્તરના ગરીબ તથા છેવાડાના આદિજાતિ (Tribal) પરિવારોના જીવનમાં પરિવર્તન લાવવાનું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ પૂર્વોત્તર ભારતના 4 રાજ્યોમાં અમલી છે. આ 4 રાજ્યોમાં અરુણાચ પ્રદેશ, આસામ, મણિપુર અને મેઘાલયનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કાર્યક્રમ નીચેની સંસ્થાઓની સંયુક્ત પહેલ છે :

- ઉત્તર–પૂર્વ કાઉન્સીલ
- ઉત્તર–પૂર્વ વિકાસ મંત્રાલય
- ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ

(આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ સામાજિક ગતિશીલતા, સંસ્થા અને ક્ષમતા નિર્માણ તથા આવક સર્જનાર પ્રવૃત્તિઓ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) 'Ofek-16' સેટેલાઈટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ સેટેલાઈટ સાઉદી અરેબિયાનો છે.

(2) આ એક ઈન્ટેલીજન્સ સેટેલાઈટ છે.

(3) તેનો ઉપયોગ ઈરાનના ન્યુક્લિયર પ્રોગ્રામ પર દેખરેખ રાખવા માટે કરવામાં આવશે.

(4) તેને પૃથ્વીની નિચલી કક્ષા (LEO)માં પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 6 જુલાઈ, 2020ના રોજ ઈઝરાયેલ દ્વારા સફળતાપૂર્વક **'Ofek-16'** નામનો ઉપગ્રહ લોંચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ એક ઈન્ટેલીજન્સ સેટેલાઈટ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ સેટેલાઈટનું ડિઝાઈનીંગ તથા તેનું નિર્માણ ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવ્યું છે.

⇛ ઈઝરાયેલના રક્ષા મંત્રાલય દ્વારા આ ઉપગ્રહનો ઉપયોગ કરવામાં આવશે.

⇛ આ ઉપગ્રહનો પ્રાથમિક ઉપયોગ ઈરાનના ન્યુક્લિયર પ્રોગ્રામ પર દેખરેખ રાખી તેનો વિકાસ જાણવા માટે કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સાથે ઉપગ્રહ લેબનન અને સિરિયાની સરહદો પરની પ્રવૃત્તિઓ પર પણ નજર રાખશે.

⇛ આ ઉપગ્રહને પૃથ્વીની નિચલી કક્ષા (લો અર્થ ઓરબીટ)માં પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) નીચેના પૈકી સાચાં જોડકાં પસંદ કરો.

(1) શ્રી સપ્તમાઈ ગુરુકલ સંસ્કૃત વિદ્યાલય : બિહાર

(2) નેકાર સમ્માન યોજના : તમિલનાડુ

(3) ગૃહિણી સુવિધા યોજના : હિમાચલ પ્રદેશ

(4) બલરામ યોજના : ઓડિશા

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ પૂર્વ નેપાળના વિસ્તારમાં ભારત દ્વારા બનાવવામાં આવેલ સંસ્કૃત વિદ્યાલયનું ઉદ્‌ઘાટન વિડિયો કોન્ફરન્સ દ્વારા કરવામાં આવેલું છે. આ વિદ્યાલયનું નામ 'શ્રી સપ્તમાઈ ગુરુકુલ વિદ્યાલય' છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ કર્ણાટક દ્વારા નેકાર સમ્માન યોજના લોંચ કરવામાં આવી છે. નેકારનો અર્થ વણકર થાય છે. આ યોજનાનો લાભ લેવા માટે હેન્ડલુમના કારીગરોએ કર્ણાટકના 'સેવા સિંધુ પોર્ટલ'માં નોંધણી કરાવવી પડે છે. આ યોજના હેઠળ કારીગરોને રૂ. 2000ની નાણાકીય સહાય આપવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતમાં દરેક ઘરમાં LPG જોડાણ હોય તેવું હિમાચલ પ્રદેશ પ્રથમ રાજ્ય બન્યું છે. આ માટે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની સાથે–સાથે હિમાચલ ગૃહિણી સુવિધા યોજનાએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ જમીનવિહોણા ખેડૂતો માટે ઓડિશા દ્વારા બલરામ યોજના લોંચ કરવામાં આવી છે. આ યોજના દ્વારા આશરે 7 લાખ લોકોને લોન આપવામાં આવશે. ઓડિશાના ખેતી વિભાગ તથા નાબાર્ડ દ્વારા આ યોજના તૈયાર કરવામાં આવેલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) રેવા અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્રોજેક્ટ મધ્યપ્રદેશમાં આવેલો છે.

(2) તે એશિયાનો સિંગલ–સાઈટ વર્ગનો સૌથી મોટો સૂર્ય ઊર્જા પ્રોજેક્ટ છે.

(3) તેની ક્ષમતા 750 MWની છે.

(4) આ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી કુલ સૂર્ય ઊર્જા પૈકી 24% ઊર્જાની ફાળવણી દિલ્હી મેટ્રોને કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (4) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 10 જુલાઈના રોજ ભારત તથા એશિયાના સૌથી મોટા સિંગલ સાઈટ સોલાર પાવર પ્રોજેક્ટનું ઉદઘાટન કરવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટનું નામ રેવા અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટછે અને તે મધ્યમપ્રદેશના રેવા જિલ્લામાં સ્થાપવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટ 1590 એકર વિસ્તારમાં ફેલાયેલો છે તથા તેની ક્ષમતા 750 MWની છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટના સફળ અમલીકરણ માટે એક સંયુક્ત સાહસની કંપની સ્થાપવામાં આવી હતી જેનું નામ રેવા અલ્ટ્રા મેગા સોલાર લિમિટેડ (RUMSL) છે.

⇛ આ પ્રોજેક્ટમાં દિલ્હી મેટ્રો 24% ઊર્જાની ગ્રાહક છે. આથી, ઉત્પન્ન થતી કુલ ઊર્જા પૈકી 24% ઊર્જા દિલ્હી મેટ્રોને ફાળવવામાં આવશે.

⇛ આ પ્રોજેક્ટની કુલ કિંમત રૂ. 4000 કરોડ જેટલી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT